## મે.નિઝરના જ્યુડી. મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રી ની કોર્ટમાં, મુ.નિઝર

ક્રીમી. કેસ નંબર–1403/2025

આંક– 14

<u>ફરીયાદી</u> – શ્રી સરકાર

વિરુધ્ધ

<u>આરોપી</u> – ગીરીશભાઈ ગાંવાભાઈ પાડવી

રહે –ખાલસાપાડા મોરંબા, તા.કુકરમુંડા, જિલ્લો તાપી.

<u>બાબત</u> – ધી ગુજરાત પ્રોહીબીશન (સુધારા) એકટની કલમઃ– ૬૫–એએ મુજબ.

| | | |
|---|---|---|
| ફરીયાદપક્ષ – તરફે. | વિ. એ. પી. પી. શ્રી | પી. આર. વસાવા... |
| આરોપી – તર્ફે | વિ. વ. શ્રી | એચ.બી.વળવી... |

<u>જજમેન્ટ</u>

(૧) આરોપી સામે ફરિયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તહોમતદાર મચકુરે તા. ૨૭/૧૧/૨૦૨૫ ના ક.૧૩/૦૫ ના રોજ પોતે પોતાના કબજામાં વગર પાસ પરમીટે એક કાપડની થેલીમાં એક એક લિટરવાળી ૦૩ પ્લા.ની કોથળીઓમાં આશરે ૦૩ લિટર દેશીદારુ જેની કિ.રૂ. રૂ.૬૦૦/–ની મતાનો પ્રોહીબીશનનો મુદામાલ રાખી પોલીસની રેડ દરમ્યાન પકડાઈ જઈ પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબની ફરીયાદ આપેલ અને તપાસના અંતે હાલના આરોપી સામે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામે આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપી હાજર થતા પ્લી આંક–૦૫ થી તથા તહોમતનામું આંક– ૦૪ થી લેવામાં આવેલ છે અને ત્યારબાદ પુરાવો નોંધવામાં આવેલ છે.આ કામે પડેલ પુરાવો ધ્યાને લેતા આરોપીનુ વધારાનું નિવેદન ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ નોંધવા જેટલો પુરાવો ન હોઈ વધારાનું નિવેદન લેવામાં આવેલ નથી.વધુમાં, નામદાર સુપ્રીમ કોર્ટે ૧૯૯૬(૩) ક્રાઈમ્સના પાના નં.૮૫ ઉપર પ્રસિધ્ધ થયેલ સતીષ મહેરા વિરુધ્ધ દિલ્હી

એડમીનીસ્ટ્રેશનના ચૂકાદામાં નીચે મુજબ નોંધેલ છે.

“when judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court shold not be Wasted for holding procedure to pronounce conclusion on a future date."

(૩) આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક– ૦૭ થી પંચ કૃષ્ણભાઈ પુજર્યાભાઈ પાડવીને સોગંદ પર તપાસેલા છે. પંચનામા આંક–૦૮ થી રજુ છે.સાથે સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ સુરેશભાઈ પટેલ નો ચૂકાદો જોવામાં આવે તો જયારે પંચ સમર્થન કરતા નથી ત્યારે ફરીયાદીના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી તેવુ નામદાર હાઈકોર્ટે ઠરાવેલ છે જથી ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થયેલ નથી.

(૪) આ કામે રજુ થયેલ તમામ લેખિત તથા મૌખિક પુરાવાઓ વંચાણે લીધા. આ કામે પંચો સાહેદો ફરીયાદ પક્ષને સમર્થન કરતા નથી સદર ફરીયાદપક્ષની એ ફરજ છે કે, કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ખરેખર દેશીદારૂ છે, તે પુરવાર કરવુ પડે અને જયાં સુધી આ હકીકત ફરીયાદપક્ષ પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ કામે ફરીયાદપક્ષે તપાસેલ પોલીસ સાહેદ હિત ધરાવનાર સાહેદ છે. તેથી સ્વાભાવિક છે કે તેઓ ફરીયાદપક્ષને સમર્થન આપે. ત્યારે માત્ર આવા હિત ધરાવનાર સાહેદની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી. આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી તથા આ કામે તટસ્થ અને સ્વતંત્ર ગણી શકાય તેવા પંચ સાહેદોના પુરાવાથી પં ચનામાની હકીકતો પણ રેકર્ડે આવેલ નથી. ત્યારે ફરીયાદપક્ષે હિત ધરાવતાં ગણી શકાય તેવા સાહેદના પુરાવાથી કેસના ગુણદોષમાં કોઈ ફેર પડે તેમ ન હોય ફરીયાદપક્ષે તપાસેલા સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય તેમ નથી. આમ, તટસ્થ અને સ્વતંત્ર ગણાતાં પંચોના પુરાવાના અભાવે આરોપી નિદોર્ષ છુટવા પાત્ર હોય જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

- <u>આ ખ રી હુ ક મ</u> –

- આ કામના આરોપી ગીરીશભાઈ ગાંવાભાઈ પાડવી નાઓને  પ્રોહીબિશન એકટની કલમ–૬૫એએ મુજબનાં ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠારાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપી એ અપીલ સમય સુધીના જામીન રજુ કરવા.

- સદર કામે કબ્જે કરેલ મુદ્દામાલ દેશી દારૂ નો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
  આ હુકમ આજરોજ તા. ૨૧/૦૪/૨૦૨૬  નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખઃ ૨૧/૦૪/૨૦૨૬
સ્થળઃ નિઝર.

(અશ્વિનકુમાર મોહનલાલ શુકલા)
Judge code–GJ 01364
જ્યુ.મેજી.ફ.ક., તા.નિઝર, જી.તાપી